જેલ કર્મચારીઓની સમયાંતરે ફરજ
બદલી કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
**પરિપત્ર ક્રમાંકઃજલમ-૫૦૨૦૧૩-૧૦૬૩-જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ 3 APR 2013**

**પરિપત્રઃ**

રાજ્યની જેલોમાં સુદ્દઢ વહીવટ તથા સુરક્ષાને સંબંધિત કેટલાંક પ્રશ્નો તાજેતરમાં ઉપસ્થિત થવા પામેલ છે. આ બાબતનું પુનરાવર્તન ન થાય તે માટે ચોક્કસ પગલાં લેવાનું જરૂરી બનેલ છે. આ બાબતમાં મુંબઇ જેલ મેન્યુઅલના પ્રકરણ-૧૦ તથા ૧૧માં સ્ટાફ ફંકશન સંબંધિત સુનિશ્ચિત કરેલ જોગવાઇઓને ધ્યાને લઇ ઉચ્ચકક્ષાએથી યોગ્ય સુપરવિઝન થાય તે જરૂરી છે. હાલમાં સૂચિત ગુજરાત જેલ મેન્યુઅલના આખરીકરણની પ્રક્રિયા ચાલુ હોઇ, તે આખરીકરણની પ્રક્રિયા પૂર્ણ થયેથી મુંબઇ જેલ મેન્યુઅલને સ્થાને ગુજરાત જેલ મેન્યુઅલના સંબંધિત પ્રકરણોની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે. આ માટે એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારી/અધિકારીઓના કિસ્સામાં નીચે પ્રમાણે ફરજ સોંપણી થાય તે જોવા માટે સર્વે જેલ અધિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે.

(અ) **જેલ ગાર્ડની દર પંદર દિવસે ફરજ વ્યવસ્થા બદલી દેવી.**

(બ) **વહીવટી કર્મચારીઓની દર બે માસે ફરજ વ્યવસ્થા બદલી દેવી.**

(ક) **વર્ગ-૨ના અધિકારીઓની દર છ માસે ફરજ વ્યવસ્થા બદલી દેવી.**

વધુમાં, ઉપર્યુક્ત બાબતમાં જેલ અધિક્ષકશ્રીની કામગીરીનું યોગ્ય તથા વિગતવાર સુપરવિઝન જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીએ કરવાનું રહેશે. તથા જેલની સુરક્ષા તથા સુદ્દઢ વહીવટ માટે જરૂરી માર્ગદર્શન જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીએ પુરૂ પાડવાનું રહેશે.

ઉપર્યુક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે જોવા રાજ્યની તમામ જેલોના સર્વે જેલ અધિક્ષકશ્રી તથા જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીને આથી જણાવવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(ધીમંત એ. પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- તમામ જેલ અધિક્ષકશ્રી(જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફતે)
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.